**કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી / સીસીસી + ની પરીક્ષા પાસ કરનાર અધિકારીઓ/ કર્મચારીઓને મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૮/૦૭/૨૦૨૦

<u>વંચાણે લીધા:-</u>

(૧) સા.વ.વિ.ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક, તા.૩૦/૦૯/૨૦૦૬
(૨) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬
(૩) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક : કેપીટી-૧૧૨૦૦૭-૩૦૩૬૨-ક, તા.૦૧/૧૦/૨૦૦૭
(૪) સા.વ.વિ.ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક, ૨૨/૦૭/૨૦૧૩
(૫) સા.વ.વિ.નાં ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૧૬-૨૮૨-ક, તા.૨૦/૦૯/૨૦૧૬

<u>આમુખ :</u>

સરકારી સેવામાં નિમણૂંક પામેલ અધિકારીઓ / કર્મચારીઓએ ઉકત વંચાણે લીધેલ ક્રમ (૧) પરનાં જાહેરનામાથી ઘડાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ તેઓનાં અજમાયશી સમયગાળા દરમ્યાન તેમજ બઢતી / ઉચ્ચતર પગારધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. તેમજ ઉકત વંચાણે લીધેલ ક્રમ (૨) પરનાં ઠરાવથી "કોમ્પ્યુટર કૌશલ્ય" માટેની તાલીમ અને પરીક્ષા માટેની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

૨. સરકારી કર્મચારીઓ/અધિકારીઓ આ કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ ન થવાના કારણે સમયસર બઢતી / ઉચ્ચતર પગારધોરણનો લાભ મેળવવામાંથી વંચિત ન રહી જાય તે માટે સરકારશ્રી દ્વારા ઉદાર વલણ અપનાવીને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સીસીસી/સીસીસી+ ની પરીક્ષા

તા.૩૧/૦૩/૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરી શકાશે તેવી પ્રારંભમાં જ જોગવાઇ કરવામાં આવેલ હતી.

સરકારી કર્મચારી/અધિકારીઓને બઢતી/ઉચ્ચતર પગારધોરણનો લાભ મળતો રહે, તેવા શુભ આશયથી સરકારશ્રી દ્વારા સરકારી કર્મચારી/અધિકારીઓનાં હિતમાં વખતોવખત કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરવાની મુદતમાં વખતોવખત વધારો કરવામાં આવેલ હતો, અને ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) પરનાં પરિપત્રથી આ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની મુદત તા.૩૧/૧૨/૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ હતી, અને ત્યારબાદ પુન: ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૫) પરનાં ઠરાવથી તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૬ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા સરકારી કર્મચારીઓને ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ જે તારીખે પરીક્ષા પાસ કરી હોય તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે તે મુજબની સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આથી આ સંદર્ભે પુન: મળેલ રજૂઆત અન્વયે સરકારી કર્મચારીઓ / અધિકારીઓને તા.૩૦/૦૬/૨૦૧૬ બાદ પણ મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## ઠરાવ

(૧) જે સરકારી કર્મચારીઓ / અધિકારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા તા.૩૦/૦૬/૨૦૧૬ સુધી પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તેઓએ તા.૦૧/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૨૦ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરેલી હશે તથા ઉચ્ચતર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હશે તો તેઓને તેમની ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે.

(૨) તા.૦૧/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સમયગાળા દરમ્યાન લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરી હોય અને અગાઉ

ઉચ્ચતર પગારધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરાયેલ હોય તો તેવા કિસ્સાઓમાં ફેરફાર કરી ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખથી તે મંજુર કરવાનો રહેશે.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરશે તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, તેઓને ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે.

આ જોગવાઈઓ રાજ્ય સેવા, પંચાયત સેવા તથા રાજ્ય સરકાર હસ્તકનાં બોર્ડ / કોર્પોરેશનના અધિકારીઓ / કર્મચારીઓને સમાન ધોરણે લાગૂ પડશે.

આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- સચિવાલયનાં સર્વે વિભાગો(વધારાની નકલો સાથે) તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓનાં વડાને યોગ્ય સુચનાઓ આપવાની વિનંતી સાથે.
- કમિશ્નરશ્રી, માહિતી ખાતું, ગાંધીનગર, યોગ્ય જાહેરાત કરવાની વ્યવસ્થા કરાવાની વિનંતી સાથે.
- સામાન્ય વહીવટ વિભાગનાં તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.
- પસંદગી ફાઈલ.

➢ પત્ર દ્વારા.